એપ્રિલ 2017

પ્રિય માબાપ/વાલીઓ,

નવી સ્કૂલનું બાંધકામ, જે બેન્ડેલ બિઝનેસ ઍન્ડ ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ તેમજ ડેવિડ ઍન્ડ મૅરિ થોમ્સન/ટૉમ્સન કૉલેજિએટ ઇન્સ્ટિટ્યૂટની જગ્યા લેશે, 17મી ઍપ્રિલના અઠવાડિયાથી શરૂ થયું. આ પત્રની પાછલી બાજુ, કૃપા કરીને એ ક્ષેત્રનો નકશો જુઓ જે અસરગ્રસ્ત બનશે.

અમે જ્યારે બાંધકામનું કાર્ય ચાલુ કર્યું છે ત્યારે અમે એવું ઈચ્છીએ છીએ કે તમે નીચે આપેલ થોડા ક્ષેત્રો વિશે માહિતગાર બનોઃ

- લઈ જવા અને મૂકી જવા માટે માબાપ ડૉનવૂડ પાર્કિંગ લૉટ લૂપનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે; હાઈબ્રૂક પાર્કિંગ લૉટને મૂકી જવાના વળાંક તરીકે ઉપયોગ કરી શકાશે નહીં કારણ કે બાંધકામની વાડની જગ્યાને અમે નોંધપાત્ર રીતે ઘટાડી દીધી છે
- ફીલ્ડમાંથી સ્કૂલ તરફ જતી કેડીઓ પણ અસરગ્રસ્ત થઈ છે. સ્કૂલ તરફ જતી પશ્ચિમ દિશાની કેડીથી જઈ શકાશે નહીં, તેમ છતાં, એક વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ છે; ફીલ્ડમાંથી પૂર્વ દિશાથી આપણી સ્કૂલ તરફ જતી કેડીનો હજુય ઉપયોગ કરી શકાય છે.
- આપણી સૉકરની (ફૂટબૉલ રમવા માટેની) જમીન/ક્ષેત્રને 24મી મેની તારીખ સુધી ખુલ્લી રખાશે, ત્યારબાદ તેને વાડ લાગી જશે અને એટલા માટે, આપણી પાસે ઘટી ગયેલી જમીન રહેશે; અમે કદાચ સૉકરના થાંભલા ખસેડવાનું કામ ચાલુ કરીશું
- સૌથી છેલ્લે ઉલ્લેખ કરાયેલ હોવા છતાં પણ એટલું જ મહત્ત્વનું છે — સુરક્ષા — તમામ બાળકોએ બાંધકામના ક્ષેત્રમાંથી, પોતાની ખુદની સુરક્ષા કાજે, દૂર જ રહેવું જોઈએ, કૃપા કરીને તમારા બાળકોને આ વિશે સ્મરણ કરાવો ઉપરાંત જ્યારે તેઓ બ્રૉક્લિ ડ્રાઈવની આસપાસ વિચરણ કરે ત્યારે એ બાબતે પણ સચેત કરો કે બાંધકામના ખટારા ત્યાં બાંધકામના સ્થળે પોતાના પ્રવેશ તરીકે ઉપયોગ કરતા હશે

બાંધકામ દરમિયાન, ત્રણ સ્કૂલો સરળતાથી પહોંચી શકાય તેવી ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરશે, જે 2019ના ઉનાળા સુધી ચાલુ રહેવાની અપેક્ષા સેવવામાં આવે છે. ટી.ડી.એસ.બી.નો કર્મચારી-વર્ગ જેમ-જેમ પરિયોજના પ્રગતિ પામતી જાય તેમ-તેમ તેની દેખરેખ રાખવા માટે તેમજ હંમેશા વિદ્યાર્થીઓ, કર્મચારીવર્ગ અને મુલાકાતીઓની સલામતીની ખાતરી બક્ષવા માટે કૉન્ટ્રૅક્ટર એવરસ્ટ્રૉન્ગ કન્સ્ટ્રક્શન્સ લિમિટેડ સાથે નિયમિતપણે સંપર્કમાં રહેશે.

સમગ્ર બાંધકામ દરમિયાન તમે ધૈર્ય અને સહકાર જાળવશો/દાખવશો જે બદલ અમે કૃતજ્ઞ છીએ.

સ્નેહાધીન,